ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૧૧-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

ધર્મક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ

હરિયાળાની ખટ્ટર સરકાર સામે સંત રામપાલ શિરોવેદના બની રહ્યા છે. આ કહેવાતા સંતને એમની વગ અને ધાર્મિક પ્રતિષ્ઠા વાપરી આશ્રમના નામે ગેરકાયદેસર જમીન પર કબજો કરવાના મુદ્દે અને એ ઝઘડામાં થયેલ હત્યા જેવા જઘન્ય અપરાધમાં અદાલતમાં હાજર થવાનાં સમન વારંવાર પાઠવાયા છતાં તેઓએ એક યા બીજા બહાના હેઠળ કોર્ટની વાત ગણકારી નહીં ત્યારે નાછૂટકે પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે સરકારને એમની ધરપકડ કરીને હાજર કરવાના હુકમો જારી કર્યા છે. આ હુકમોને પણ તેઓ તાબે થયા નથી. હરિયાણા સરકારના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. એમની ધરપકડ કરવા પહોંચેલી પોલીસ સંતના ટેકેદારોના અભેદ રક્ષાકવચને ભેદી શકેલ નથી. સંતના અનુયાયીઓ પોલીસ સામે રીતસરની આરપારની લડાઇ લઇ લેવા અને 'બલિદાન' આપવા તૈયાર થઇ ગયા છે. સંત રામપાલ કયારેક સામાન્ય નાગરિક હતા અને નોકરીમાંથી બરતરફ થયા હતા. એ પછીનો એમનો ઇતિહાસ બહુ જાણીતો છે. અદ્દલ ગુજરાતના સંત આસારામની જ લઘુ આવૃત્તિ જેવા આ સંત કાયદાકાનૂનની ઐસીતૈસી કરતા રહ્યા છે અને એમની સામે નોંધાયેલ એફઆઇઆર અન્વયે હરિયાણા સરકારને મુશ્કેલી ભરી પરિસ્થિતિમાં મૂકી રહ્યા છે. ધર્મના નામે બની બેઠેલા આ શાહસોદાગરો પોતાની જાતને દેશના પ્રવર્તમાન કાયદાકાનૂનથી પર માનતા હોય છે. એમના અનુયાયીઓ માટે ગુરુની આજ્ઞા એ જીવસટોસટની લડાઇ લડી લેવા માટેનો ઇશ્વરી આદેશ બની જાય છે. હિંદુ ધર્મમાં આવી કટ્ટરતાને કયારેય સ્થાન નહોતું, પરંતુ આવા ગુરુઓ અને સંપ્રદાયોના ધર્માચાર્યોએ અનુયાયીઓને પોતાના સ્વાર્થી હેતુ પાર પાડવા માટેની ઢાલ બનાવી આ ઉદાર અને ઉદાત્ત ધર્મ પર કટ્ટરતાનું કલંક લગાવ્યું છે. એ જ હિસ્સાર જિલ્લામાં જ બાબા રામરહીમનો આશ્રમ પણ થોડાં વર્ષો પૂર્વે વિવાદમાં આવેલો. છેલ્લી ચૂંટણીઓમાં બાબા રામરહીમે ભાજપને સમર્થન આપતાં હરિયાણામાં કોંગ્રેસ મૂળ સમેતી ઊખડી જતાં નવા મુખ્યમંત્રી ધર્મક્ષેત્રે વગ ધરાવતા આવા બાબાઓ સામે પગલાં ભરતાં અચકાતાં હોય તે સમજી શકાય એમ છે. અદાલતે વારંવાર સુનાવણીમાં ગેરહાજર રહેતા સંત રામપાલને પકડીને હાજર કરવાનું ફરમાન કર્યું હોવા છતાં સરકાર એ હુકમની બજવણીમાં નિષ્ફળ ગઇ છે. સંત રામપાલની અનુયાયી સેના સામે પોલીસ અથડામણમાં ઊતરતા ગભરાતી લાગે છે. સરકારે ત્રીજ હજાર જેટલા પોલીસ જવાનો ખડકી દીધા હોવા છતાં અને રાજય પોલીસની સાથે સીઆરપીએફ - સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ પર જોડાયા છતાં સરકારે સંતને કોર્ટ સમક્ષ હાજર કરવા માટે ત્રણ દિવસની મહેતલ માગવી પડે તે કેવી નાલેશીભરી બાબત છે...! એમિક્સ ક્યુરીએ સરકારની આ નામર્દાઇને કોર્ટની અવમાનના સમાન ગણી છે. પરંતુ નવી ભાજપ સરકાર માટે એક વગદાર ધાર્મિક નેતાને હાથ અડાડવાનું કેટલું અઘરું છે, એ તો મુખ્યમંત્રી ખટ્ટરનું મન જાણે છે! ખોટાં કાર્યોને છાવરવા માટે ધર્મનો આવો બેફામ દુરુપયોગ નિંદનીય જ ગણાવો જોઇએ. શું કેન્દ્ર સરકાર આ મુદ્દે ન્યાયપાલિકાને 'ન્યાય' મળે એવો અભિગમ અપનાવી શકશે ખરી?

સમદર્શન આશ્રમ દ્વારા જ્ઞાનયજ્ઞનું આયોજન

સમદર્શન આશ્રમ સેકટર-૧માં દશાબ્દિ જ્ઞાનયજ્ઞ યોજવામાં આવશે. નગરમાં સંસ્કારોનું સિંચન કરવાનું તેમજ સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર સમદર્શન આશ્રમ દ્વારા તા. ૧૮ ડીસેમ્બરથી તા. ૨૫ ડીસેમ્બર દરમિયાન સાંજે ૬.૩૦ થી ૮ વાગ્યા સુધી સેકટર-૨૩ કડી કેમ્પસમાં આવેલ ખિમજી વિસરામ હોલમાં જ્ઞાનયજ્ઞ યોજાશે. આશ્રમના ગુરુમા સમાનંદજી વકતવ્ય આપશે. નગરના ધર્મપ્રેમીઓને જ્ઞાનયજ્ઞમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

રાજસ્થાનનો પ્રવાસ કર્યો

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાનો રાજસ્થાન પ્રવાસ યોજાયો હતો. ગત તા.૧૨મીથી ૧૫મી નવેમ્બર દરમિયાન ત્રણ દિવસના પ્રવાસમાં ધોરણ-૯, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ, શિક્ષકો જોડાયા હતા. ત્રિદિવસીય પ્રવાસમાં વિદ્યાર્થીઓએ જેસલમેર, રણુજા અને જોધપુરના જોવાલાયક સ્થળોને નિહાળ્યા હતા. તેમજ રણમાં ઊંટ સવારી, રાજસ્થાની નૃત્ય જોઈ ધન્યતા અનુભવી હતી.

સુંદર યાદો અને સુખદ અનુભવો સાથે નગરના દસ વિદ્યાર્થીઓ ઈજીપ્ત પ્રવાસની મોજ માણી પરત ફર્યા

ગાંધીનગર, તા.૧૭

મિડીયામાં આવતા નકારાત્મક સમાચારો અને આપણી વર્ષો જુની માન્યતાઓના કારણે આપણે હજુ ઘણા દેશો વિશે ખોટી ભ્રમણાઓ ધરાવીએ છીએ. અખાતી દેશ અને પીરામીડોના કારણે વધુ જાણીતા ઈજીપ્તના લોકો કેટલા પ્રેમાળ અને સારા છે, ત્યાંની સંસ્કૃતિ કેટલી અનોખી તરી આવે છે અને હરવા ફરવા લાયક સ્થળો કેટલા સુંદર છે તેની વાતો તાજેતરમાં જ ઈજીપ્તની મુલાકાતે જઈ આવેલા એમ.બી.પટેલ સ્કુલના વિદ્યાર્થીઓના મુખે સાંભળીએ ત્યારે જ આપણી ખોટી ભ્રમણા ભાંગે છે. ઈજીપ્તને જેવો દુનિયાભરમાં ચીતરવામાં આવ્યો છે તેવો તે ખરાબ દેશ નથી બલ્કે અહીંના લોકો તો ખુબ પ્રેમાળ, આધુનિક અને વેલ અજયુકેટેડ છે તેવા મંતવ્યો આ વિદ્યાર્થીઓના છે. પોતાની સાથે ખુબ જ સુદંર સંભારણા લઈને પરત ગાંધીનગર આવેલા આ વિદ્યાર્થીઓને તો હજુ ઈજીપ્તમાં જ રહેવું હતું એએસએફ સંસ્થાના માધ્યમથી

એમ.બી. પટેલ સ્કુલના ધો-૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ ભવ્યા ભટ્ટ, પ્રાચી પટેલ, દેવાંગ પટેલ, જય ભટ્ટ, પ્રિયંકા મિસ્ત્રી, રીયા પંડયા, મોહીકા સીંઘવ, જેનીલ પટેલ, પ્રિત બક્ષી અને નિસર્ગ પટેલ ગત તા. ૩૧મી ઓકટોબરના રોજ સાંસ્કૃતિક આદાન પ્રદાન કાર્યક્રમ હેઠળ ઈજીપ્તની મુલાકાતે ગયા હતા. ૧૫ દિવસની યાત્રા બાદ પરત ગાંધીનગર આવેલા આ વિદ્યાર્થીઓને સત્કારવા અને તેમના અનુભવો જાણવા શનિવારે સાંજે એમ.બી. પટેલ સ્કુલ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ઈજીપ્તથી પરત આવેલા વિદ્યાર્થીઓના સત્કાર સમારંભમાં સૌ પ્રથમ આ બધા જ વિદ્યાર્થીઓના મમ્મીએ મંગલ પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ દરેક વિદ્યાર્થીએ પોતાના અનુભવોની વાત કરી જેમાં દરેકનાં મુખેથી 'પાછા ઈજીપ્ત જવું છે' નું રટણ સાંભળવા મળ્યું હતું. ઈજીપ્તના આતિથ્ય સત્કારની વિદ્યાર્થીઓએ ભરપુર પ્રશંસા કરી હતી. ભાવુક થઈ જતા આ બાળકોએ ત્યાં સુધી સ્વીકાર્યું કે જાણે તેમને વિદેશમાં પણ બીજા માતા પિતા મળી ગયા હોય તેટલી કાળજી રાખવામાં આવી હતી. ગુજરાતી શુધ્ધ શાકાહારી હોવાને નાતે 'હોસ્ટ ફેમીલી'એ તેટલા દિવસ માંસાહારી ભોજનનો ત્યાગ કર્યો તે ખુબ જ મોટી બાબત છે. વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે 'આપણે સૌ અહીંથી બેઠા બેઠા ઈજીપ્ત દેશની ન જોયેલી ન જાણેલી છતાં નકારાત્મક વાતો પર ધ્યાન આપીએ છીએ. વાસ્તવિકતા કંઈઓર જ છે. તેઓ ખુબ જ પ્રેમાળ, મિલનસાર છે.' ત્યાં આ વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ વિશે આદાન પ્રદાન કર્યું હતું. આપણા આ ગુજરાતીઓએ ઈજીપ્તવાસીઓને ગરબા શીખવ્યા હતા. ઈજીપ્તના બાળકોએ બેલે ડાન્સ શીખવ્યું હતું. વિદ્યાર્થીઓના મંતવ્યો બાદ હાજર વાલીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. દરેક વાલીએ પોતાના બાળકમાં આવેલ નવા આત્મવિશ્વાસને વધાવતાં એમ.બી. પટેલ વિદ્યાલયનો આભાર માન્યો હતો. ધો-૧૧માં અભ્યાસ કરતા જય ભટ્ટનાં પિતા હિરેન ભટ્ટ દ્વારા તમામ વિદ્યાર્થીઓ માટે સુંદર સ્મૃતિ ચિહ્ન તૈયાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કેવી રીતે ઘણી બધી મુશ્કેલીઓ બાદ સુખદ રીતે થયું તે વિશે આચાર્ય અર્પિત ક્રિશ્ચયને માહિતી આપી હતી. જયારે કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલે સર્વે વિદ્યાર્થીઓને આર્શીવાદ પાઠવ્યા હતા અને તમામ માતા પિતાને શાળા પરિવાર પર વિશ્વાસ મુકવા બદલ આભાર વ્યકત કર્યો હતો. ઈજીપ્તની ૧૫ દિવસની આ સફરમાં શાળા કેમ્પસથી લઈ ગાંધીનગર પરત લાવવા સુધીની ખુબ જ મોટી જવાબદારી જેમના શીરે હતી તેવા એમ.બી. પટેલ વિદ્યાલયના અંગ્રેજી મેનેજમેન્ટ વિષયના શિક્ષીકા સ્નેહા પટેલ અને કોમ્પ્યુટર વિષયના શિક્ષીકા સેજલ પરમારે તમામ બાળકોની તથા ઈજીપ્તવાસીઓની સરાહના કરી હતી. ઈસ્લામ ધર્મ પાળતા ઈજીપ્તનાં લોકોએ આપણા આ બાળકોને ખુબ જ માન સન્માન આપ્યું છે. જયારે નરમીયન ઈસ્માઈલ સ્કુલનાં ડૉ. નરમીયન વિશે તો કહેતાં આ બંને ટીચર્સ ખુબ જ ઉત્સાહિત થયા હતાં. તેઓએ સલામતી અને સુરક્ષાની સંપૂર્ણ ખાતરી આપી હતી જે ખરખર સન્માનને પાત્ર છે.

શનિવારે સાંજે યોજાયેલ આ સત્કાર સમારંભમાં આ દસ વિદ્યાર્થીઓએ પ્રતિભાવો આપ્યા હતા. દુનિયાની અજાયબી એવા પીરામિડને જોયા બાદ અને રણનું સૌંદર્ય નિહાળ્યા બાદ કેવી લાગણી થઈ તે વ્યકત કરી હતી. ધોરણ-૧૦માં અભ્યાસ કરતી રીયા પંડયાના પિતા પંડયા હરેશકુમાર જે વ્યવસાયે વકીલ છે તેમણે આ વિદ્યાર્થીઓ તારીખ ૧૫ નવેમ્બરે સવારે ૫ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પરત ફર્યા ત્યારે કરેલા વાયદા પ્રમાણે એરપોર્ટ પર જ સામાન લઈ જવાની ટ્રોલીમાં પાણીપુરી ખવરાવી સૌને સરપ્રાઈઝ આપી હતી. એમ.બી. પટેલ વિદ્યાલય દ્વારા પ્રથમ વખત જ આવા કલ્ચરલ એક્ષચેન્જ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓ એકબીજાથી વધુ નીકટ આવ્યા છે. એકબીજાને વધુ સમજી શકયા છે. શાળા-રાજય-દેશનું માન-સન્માન વિશે વિદેશમાં પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે અને બીજા દેશની કલા, સંસ્કૃતિના વારસાને પૂરેપૂરો જાણ્યો છે. આ વિદેશ શૈક્ષણિક પ્રવાસથી વિદ્યાર્થીઓએ નગરની યશકલગીમાં વધુ એક પીછુ ઉમેર્યું છે. આ સત્કાર સમારંભનું જીવંત પ્રસારણ કહી શકાય તેવું સુંદર સંચાલન ડૉ.વર્ષા પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું જયારે એ.એફ.એસ.ના ગાંધીનગર ચેમ્બરનાં કેવલ ગજજરે આગામી સમયમાં વધુ સારા શૈક્ષણિક કાર્યક્રમો યોજવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

અમદાવાદમાં સ્વચ્છ ભારત અભિયાનમાં હવે ધીમે-ધીમે તેજી આવી રહી છે. તમામ લોકો આમાં જોડાઈ રહ્યા છે. અમરાઈવાડી વિસ્તારમાં સ્થિત સ્કુલના બાળકો પણ સફાઈ અભિયાનમાં જોડાયા હતા.

હરિની દૃષ્ટિ...

હું તમને કહેતી હતી તો માન્યુ નહીં... જો આ કોમ્પ્યુટરની વોર્નીંગ વાંચો કહ્યું છે... પહેલા મગજ 'અપ-ડેટ' કરો પછી કી દબાવો... !!

ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગર છેલ્લા બે વર્ષોથી ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપનું આયોજન કરતું આવ્યું છે તેમજ શહેરની માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓને 'સત્યના પ્રયોગો' ગાંધીજીની આત્મકથાનું પુસ્તક ભેટમાં આપે છે. આજ સુધી દસ શાળાઓનાં ૨૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓને ગાંધીજીની આત્મકથા પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યાં છે.

તા. ૧૮ નવેમ્બરને મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૧૬, સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભાનુપ્રસાદ પુરાણી, સંયોજક, ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગર દ્વારા ગાંધી જીવન દર્શન વિષે વાર્તાલાપ આપવામાં આવશે તથા તમામ વિદ્યાર્થીઓને સત્યના પ્રયોગો-ગાંધીજીની આત્મકથા (સંક્ષિપ્ત) ભેટ આપવામાં આવશે. નગરના ગાંધીમિત્રોને ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે.

આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં બાળ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

શ્રીમતિ આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં પંડિત જવાહરલાલ નહેરુની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. બાળ દિવસ તરીકે મનાવાતા નહેરુચાચાના જન્મ દિવસે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ત્યારે શાળાના વિદ્યાર્થીઓ યોગેશ પ્રજાપતિ, હેત રૂપાલા, ખુશ મિસ્ત્રી, હરસિદ્ધ ઝવેરી, તીર્થ મદેપુરા અને જય પટેલે નહેરુચાચા બનીને એક પાત્રીય અભિનય કર્યો હતો. તેમજ હાર્દિ પટેલે ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવ્યું હતું. આ પ્રસંગે જવાહરલાલ નહેરુએ લેખક પુસ્તક 'મારુ હિંદ દર્શન'ની માહિતી આપવામાં આવી હતી. ૨૦ જેટલા બાળકોએ બાળનૃત્યો અને અભિનય કરી ઓજસ પાથર્યા હતા તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ધોરણ-૬ થી ૮ ના ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ૪૩૫૧ શિક્ષકોની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ધોરણ-૬ થી ૮ ના ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ૪૩૫૧ શિક્ષકોની ભરતી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હોવાનું શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજ્ય મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું છે. ધોરણ-૬ થી ૮ ના ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ભાષાના શિક્ષકોની સત્વરે ભરતી કરીને શિક્ષકોની છેલ્લા કેટલાક સમયથી ખાલી પડેલ જગ્યાઓ ભરી દેવામાં આવતા વિદ્યાર્થીઓને સંબંધિત વિષયના અભ્યાસમાં સુગમતા રહેશે.

ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની જે ૪૩૫૧ જગ્યાઓ ભરવાની છે તેમાં ગણિત-વિજ્ઞાનના ૩૦૦૩, સામાજિક વિજ્ઞાનના ૮૦૦ અને ભાષાના ૫૪૮ શિક્ષકોની ખાલી પડેલ જગ્યાઓ પર શિક્ષકોની ભરતી કરવામાં આવશે. આ ૪૩૫૧ જગ્યાઓ પૈકી ૩૦૦૦ જગ્યાઓ વર્ષ ૨૦૧૫ માટે ભરવા માટેની મંજૂરી મળી ગઈ છે. જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪ ની મંજૂર થયેલ ૧૩૫૧ ગણિત-વિજ્ઞાનની જગ્યાઓ જે તે સમયે ઉમેદવારો ન મળવાના કારણે ખાલી રહેલી હતી તે જગ્યાઓ પણ ભરી દેવાશે.

શેઠ સી.એમ. હાઈસ્કુલનો પ્રોજેકટ રાજયકક્ષા માટે પસંદગી પામ્યો

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૨૩માં આવેલ શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોજેકટ રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો છે. શાળાના ધો-૯ના વિદ્યાર્થીઓ તીર્થ પ્રજાપતિ, નિર્ભય જોષી, આયુષ પટેલ, નિકુંજ મોદી અને વિધાન મકવાણાએ શાળાના વિજ્ઞાન શિક્ષક જે.બી. પટેલના માર્ગદર્શન હેઠળ 'ગાંધીનગરમાં ઋતુ જન્ય બિમારીઓના ફેલાવા અંગેનો અભ્યાસ' વિષય પર જિલ્લા કક્ષાએ પ્રોજેકટ રજૂ કર્યો હતો. આ પ્રોજેકટ જિલ્લા કક્ષાએ પસંદગી પામતા રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો છે.

બાળકોની નિર્દોષ કુતૂહલતા સમય વહેંલા જ લુપ્ત ન થઇ જાય એવા એક તંદુરસ્ત સમાજની રચના કરીએ!

વિચારસભા
'બાળદિનની ઊજવણી'
- જયદીપ નેહલ ગઢવી

દિવાળી વેકેશન પૂરું થતાં જ બાળકો ફરી એકવાર રાબેતા મુજબ શાળાએ જતા થઈ જાય છે. આપણી શિક્ષણપદ્ધતિ કંઈક એ પ્રકારની છે કે બાળક ભારમુક્ત રહી જ ન શકે! અને આ 'ભાર' એટલે તેણે ઊંચકેલા સ્કૂલબેગની સાથે સાથે તેને લાગતો માનસિક બોજ પણ ખરો જ! આપણાં બાળકો કેળવણી તો લે છે પણ તે ચીમળાઈ જાય છે. તેઓ પુરૂશાર્થહીન બન્યા છે જેને કારણે તેમને મળેલા જ્ઞાનનો ફેલાવો જનમાનસમાં કે તેમના કુટુંબમાં પણ થઈ શકતો નથી. વિદ્યાર્થી તો પરિસ્થિતિનું આભલું છે. તેનામાં ન તો દંભ છે ના દ્વેષ. પરંતુ, જો તેમનામાં પુરૂશાર્થ અને સત્ય પણ ન હોય તો તે દોષ તેમનો નથી; દોષ મા-બાપનો છે. અધ્યાપકનો છે. પ્રજાના દોષ વિદ્યાર્થીમાં આવવાથી તે સ્પષ્ટરૂપે જોઇ પણ શકાય છે. ગાંધીજીએ એકવાર કહેલું કે... 'અત્યારે આપણે સ્વતંત્રતાનું જે બીજ રોપી તેને પાણી પાઇ તેમાંથી સ્વરાજનું સુંદર વૃક્ષ બનાવવું છે તે ચારિત્રથી જ ઊછરશે. વિદ્યાર્થીઓને મારી વિનંતી છે કે તમારા અધ્યાપકોમાં શ્રદ્ધા રાખજો. પણ જો તમે તમારા અધ્યાપકોને બળહીન જુઓ, તો તે સમયે તમે પ્રહલાદના જેવા અગ્નિથી એ અધ્યાપકોને ભસ્મ કરી નાખજો અને તમારું કામ કાગળ ચલાવજો. એ જ મારો વિદ્યાર્થીઓને આશીર્વાદ છે.'

આ ઉપરાંત, ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રવચનમાં પણ ગાંધીજીએ નિર્મળભાવે પ્રાર્થના કરી કે,

'હે ઈશ્વર! આ મહાવિદ્યાલયને એવું બનાવ કે જે સ્વતંત્રતાનો જાપ આપણે રાતદિવસ જપીએ છીએ તે સ્વતંત્રતા અંદરથી મળો. અને એ સ્વતંત્રતાથી એકલું હિંદુસ્તાન જ નહીં, પણ જેમાં હિન્દુસ્તાન એક બિંદુ માત્ર છે તે આખું જગત સુખી થાઓ.' આટલા વર્ષો પૂર્વે કરેલી ગાંધીજીની આ વાત આજે પણ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને મોંઘીદાટ ફીઝ લેતી શાળાના સંચાલકોએ સામૂહિકરૂપે વિચારવા યોગ્ય છે! અને આ દિશામાં કોઈ નક્કર પ્રયત્નો દ્વારા શિક્ષણપદ્ધતિમાં આમૂલ પરિવર્તનો લાવવાની એક ઝુંબેશ આદરવાની તાતી જરૂર જણાઇ રહી છે.

વિશ્વભરના રાજનેતાઓની સરખામણીમાં ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ અલગ પડે છે. નહેરુ જેવી બાળકોમાં લોકપ્રિયતા ભાગ્યે જ કોઇ રાજકીય નેતાને મળી હશે અને તેથી જ તેઓ 'ચાચા નહેરુ' તરીકે પણ ખૂબ જાણીતા બન્યા છે. નહેરુને સ્વાભાવિક રીતે જ બાળકો પ્રત્યે પ્રીતિ હશે પરંતુ, બાળકો સાથે વાર્તાલાપ કરવાની ટેવ ગાંધીજી સાથેની સંગતની અસર કહી શકાય. તેમણે જે અનેક બાબતો ગાંધીજીમાંથી શીખી તેમાની બાળકો સાથે વાર્તાલાપ કરવાની રીત ગાંધીજીની તેમના પર પ્રમુખ અસર કહી શકાય. ગાંધીબાપુ દરેક બાળક સાથે પ્રેમની વાત કરતા એટલું જ નહીં તેમના પત્રોના જવાબ પણ લખતા. નારાયણ દેસાઇ આ બાબતમાં ઘણી રસપ્રદ વાતો કરે છે તે આપણે સાંભળી પણ છે. પંડિતજીએ તેમની પ્રિય પુત્રી ઈન્દુ (ઈન્દિરા ગાંધી)ને પત્રો લખીને જે કેળવણી આપી તે દર્શાવે છે કે તેઓ બાળઉછેર પ્રત્યે પણ ખૂબ સજાગ રહ્યા હશે! આ પત્રો પંડિતજીએ અંગ્રેજોના કારાવાસમાં રહીને લખેલા છે. ઈન્દિરા ગાંધી ઉપરાંત તમામ બાળકોને રસ પડે તેવી મધુર વાતો તેમાં લખેલી છે. તેમાં ઝરણાની વાતો, નદીઓ અને પર્વતોની વાતો, પથ્થરો, કોતરો અને શિલાલેખોની વાતો, પતંગિયાની વાતો, ફૂલોની વાતો એવા અનેક રળિયામણા વિષયોને લઈને પત્રો લખાયા છે. બાળકોને મળવાના જયારે પણ પ્રસંગો થયા હશે ત્યારે પંડિતજીએ પોતાના કાર્યની અતિવ્યસ્તતા વચ્ચે પણ બાળકોની વાતને શાંતિથી સાંભળી જ છે. તેમના બાળકો પ્રત્યેના આવા વ્હાલભર્યા અને વાત્સલ્યભર્યા વલણને કારણે જ પંડિતજીની સ્મૃતિમાં તારીખ ૧૪મી નવેમ્બરને 'બાળદિન' તરીકે આજે પણ ઉત્સાહપૂર્વક શાળાઓમાં ઊજવવામાં આવે છે. તેમાં પણ આ વર્ષે તો ૧૪મી નવેમ્બરે ચાચા નહેરુની આ ૧૨૫મી જન્મજયંતી હોવાથી આ વર્ષે તેની ઊજવણી સમગ્ર દેશમાં વધુ ઉત્સાહ અને જોશભેર કરવામાં આવી. ભારત સરકારે પણ આ ઊજવણીના વિશેષ આયોજનો કર્યા. બાળસાહિત્યકાર જુગતરામભાઈ લખે છે તેમ, 'આપણે આપણી કેળવણીથી આપણાં બાળકો એવાં તો સાવયાં થાય અને એવાં તો ચઢિયાતાં નિવડે કે આપણે હાર ખાવામાં અનેક પ્રકારનો લહાવો પામીએ.'

આચાર્ય અરવિંદ કહે છે કે, 'માતા-પિતા અથવા શિક્ષક બાળકોને જે બીબામાં ઢાળવા ઇચ્છે તે બીબામાં ગમે તે રીતે તેમને ઢાળવાં, એ વિચાર અસંસ્કારી અને અજ્ઞાનપૂર્ણ અંધશ્રદ્ધા છે. બાળક જાતે જ તેની પ્રકૃતિ પ્રમાણે વિકસે એવી પ્રેરણા તેને આપવી જોઇએ.'

આપણી શિક્ષણ વ્યવસ્થા બાળકોને જીવનમાં મૂળભૂત મૂલ્યો, માનવીને માનવી બનાવે એ ગુણધર્મો હવે શીખવતા નથી, પરિણામે, એક ભૌતિકવાદી સમાજ-રચના અસ્તિત્વમાં આવી છે. આ પ્રકારની સમાજરચનમાં પ્રધાનપદે પૈસા, સંપત્તિ અને ભૌતિક સુખો મેળવવાની વૃત્તિ જ રહેલી હોય છે. બાળકવિ હરિલાલ પંડ્યા આ બાળગીતમાં જે વર્ણન કરે છે તેવી બાળસહજ કુતૂહલતા હવે કયાં રહી છે?

''ઓ રે સૂરજમૂખી, ઓ સૂરજમૂખી!
તારું જીવન છે કેવું સુખી?
ઊગી ઉષા તણાં
લે તું ઓવારણાં;''

ચાચા નહેરુ કહેતા કે, સ્વરાજ કે આઝાદી મળવાપાત્રથી આપણે હવે આરામ કરીશું એવું જો તમે સમજતા હો તો એ યોગ્ય નથી, આપણે આ દેશનું ઘડતર કરીને આવનારી પેઢીને એક મજબૂત ઈમારતની ભેટ ધરવાની છે. આઝાદ હિન્દુસ્તાનની બુનિયાદ મહેનતથી રક્તસંચિત હોય તો જ આવનારી પેઢીના બાળકોના ઉજવળ ભવિષ્યની કામના પૂર્ણપણે ફલિત થશે! દરેક બાળકનો જન્મ સિદ્ધ હક્ક છે કે : એને હેત અને પ્રેમ મળે, યોગ્ય રીતે સમજવામાં આવે, તેમજ પોષણ અને તબીબી સંભાળ મળે, એને વિના ખર્ચે શિક્ષણ મળે, રમત-ગમતની મોકલી તક મળે પોતાની સ્થિરતા અને રાષ્ટ્રીયતા સાંપડે. અપંગ હોય તો ખાસ કાળજી લેવાય, આપત્તિમાં રાહત અને એમાં અગ્રતા મળે, તે સમાજને ઉપયોગી થતાં શીખે, પોતાની શક્તિઓ વિકસાવી શકે, શાંતિ અને વિશ્વબંધુત્વની ભાવનામાં ઉછરે, જાતિ-રંગ-ધર્મ-દેશ કે સમાજના કોઇ પણ ભેદભાવ વિના પોતાના સર્વ હક્ક એ ભોગવે તો જ આપણા આ 'બાળ દિન'ની ઊજવણી પૂર્ણસ્વરૂપે થતી માની શકાય.

બાળકોએ ઈશ્વરનું સૌથી સર્વોત્તમ નજરાણું છે અને તેમાંય બાળકને પોતાની જાતને ઓળખતાં તથા પોતાની પ્રભુત્વ પ્રાપ્ત કરતાં શીખવવું એ બાળકને આપેલી સૌથી વધારે સુંદર બક્ષિસ છે, ભેટ છે. બાળકોનું વિશ્વ કેટલું સુંદર હોય છે. રાગ, દ્વેષ, ઈર્ષા અને કપટથી દૂર તેઓ પોતાની નિર્દોષ સૃષ્ટિના અધિપતિ હોય છે. ઈશ્વર રચિત આ સૃષ્ટિને તેઓ વિસ્મયપૂર્વક પોતાની આંખોમાં ભરી દે છે. તો આવો, આ બાળદિને બાળકોની આ નિર્દોષ કુતૂહલતા સમય વહેંલા જ લુપ્ત ન થઈ જાય એવા એક તંદુરસ્ત સમાજની રચના કરીએ!